જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૨૨ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૦૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨ | ૧,૩૧,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## પી.સી.બી.

**સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી બનાવટી નંબર પ્લેટ લગાડેલ ટ્રકમા ભરેલ ઈગ્લીશ દારૂની બોટલો નંગ-૧૮૧૨ (૧૫૧ પેટી) કિ.રૂ.૯,૦૬,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ ૨૪,૧૮,૧૫૦/- રૂપિયાના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.**

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓ સ્ટાફના પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી, મ.સ.ઈ. મહંમદ યૂનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અહેકો નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અહેકો તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અહેકો ઈન્દ્રસિહ પ્રવીણસિહ બ.ન.૬૧૬૮,અહેકો હિમ્મતસિહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, આ.હે.કો.મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯ તથા અપોકો પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ. મહંમદ યૂનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, અહેકો હિમ્મતસિહ રણજીતસિહ, આ.હે.કો.મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯ નાઓને સંયુકતરીતે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ગોતા વંદેમાતરમ ક્રોસીગ રોડ રોયલ વ્યુ લેકની સામે આવેલ ઈનોફલેક્ષ ઈન્ડસ્ટ્રીઝની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં ટાટા ટ્રક નંબર HR39B7-196 મા ભરેલ ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશીદારુની બોટલો નંગ ૧૮૧૨ (૧૫૧ પેટી) કિ.રૂ.૯,૦૬,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨૪,૧૮,૧૫૦/- ના મુદામાલ સાથે ટ્રક ડાયવર આરોપી દુર્ગાસિંગ પુનમસિંગ રાવત રહે.ગામ-સીરમા, તહેસીલ- રાયપુર થાના- સેંદડા, જીલ્લો- પાલી, રાજસ્થાન નાને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઈકોર્ટ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૫૨૨૧૧૫૧/૨૦૨૨ ધી પ્રોહી.કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૯૮(૨) તથા ઈપીકો કલમ ૪૬૫,૪૬૮,૪૭૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી:**

(૧) દુર્ગાસિંગ પુનમસિંગ રાવત રહે.ગામ-સીરમા, તહેસીલ- રાયપુર થાના- સેંદડા, જીલ્લો- પાલી, રાજસ્થાન

**નહી પકડાયેલ આરોપી:**

(૧) રફીકભાઈ રહે. અજમેર રાજસ્થાન

**ગુનાની જગ્યા :**

ગોતા વંદેમાતરમ ક્રોસીગ રોડ રોયલ વ્યુ લેકની સામે આવેલ ઈનોફલેક્ષ ઈન્ડસ્ટ્રીઝની પાસે આવેલ ખુલ્લી જગ્યામાં

## <u>પકડાયેલ મુદામાલ :</u>

(૧) વિદેશીદારુની બોટલો નંગ ૧૮૧૨ (૧૫૧ પેટી) કિ.રૂ.૯,૦૬,૦૦૦/- (૨) ટ્રક કિ.રુ.૧૫,૦૦,૦૦૦/- (૩) મોબાઈલ ફ્રોન નંગ ૨ કિ.રુ.૧૦,૦૦૦/- (૪) રોકડા નાણા ૨૧૫૦/- (૫)ટ્રકની આરસીબુક ની ઝેરોક્ષ તથા પરમીટની નકલ તથા ટ્રક્ની આગળ પાછળ લગાડેલ ખોટી નંબર પ્લેટો નંગ-૨ મળી કુલ્લે રુપિયા ૨૪,૧૮,૧૫૦/- નો મુદામાલ






## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦૪/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૯૨૧ લીટર દેશી દારૂ, ૬૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૭૧ બિયર ટીન, ૩ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ સમાચાર યાદી નં.૨૨૦૬/૨૦૨૨

**કાગડાપીઠઃ** નૃપાબહેન વા/ઓ પ્રકાશભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦) (રહે. મ્યુ.સર્વન્ટ સોસાયટી જુની પાયલોટ ડેરી કાંકરીયા) એ તા.૦૯/૧૨/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૨૦૨૨ થી તા.૦૬/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન કાંકરીયા ભારત કો.ઓ.સોસાયટી ખાતે રહેતા નૃપાબહેન ચૌહાણના ભાઈના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની ચેઈન, ચાંદીના પ્યાલા નંગ-૬, જગ નંગ-૨ એલ.ઈ.ડી. ટીવી મળી કુલ કિમત રૂપિયા ૫૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**એરપોર્ટઃ** જીતેન્દ્ર રાજેશભાઇ ખુબચંદાણી (ઉ.વ.૨૩) (રહે. સિંધી કોલોની સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૨૦૨૨ બપોરના ૧/૩૦ થી તા.૦૯/૧૨/૨૦૨૨ કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

## સોનાની કંઠી ખેચી તોડી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૨૨૦૭/૨૦૨૨

**નવરંગપુરાઃ** મિતભાઇ મનવંતરાય ભટ્ટ (ઉ.વ.૬૨) (રહે.ધીકીની હાઉસ બેંક ઓફ બરોડા એ.ટી.એમ. ની બાજુમાં લૉ ગાર્ડન સામે, નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મિતભાઇ ભટ્ટના માતા તા.૦૯/૧૨/૨૦૨૨ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા નળવાળા સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રીક્ષા ચાલકે મિતભાઇ ભટ્ટના માતા મૃદુલાબહેનના ગળામાંથી સોનાની કંઠી કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૮/૨૦૨૨**

**ઓઢવઃ** મહેશભાઇ ધનાભાઇ પટણી (ઉ.વ.૩૦) (રહે. વડવાળી ચાલી ચામુંડા સોસાયટી સીંગરવા ઓઢવ) તા.૧૯/૧૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ નવરંગ સ્કુલ પાસે વૃંદાવન સોસાયટી આગળથી ટેમ્પો ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ગાય આવી જતા ગાયને બચાવવા જતા ટેમ્પાનું વ્હીલ ખાડામાં પડતા ટેમ્પો પલટી મારતા મહેશભાઈ પટણીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૯/૨૦૨૨**

**કાલુપુરઃ** ગીતાબહેન હિમંતભાઇ લોધા (ઉ.વ.૪૨) (રહે. ડોસુમીયાની ચાલી રોજી સિનેમા પાછળ સારંગપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.બી.ગામીત ચલાવે છે.

**શહેરકોટડાઃ** પ્રકાશભાઇ મોતીભાઇ સોલંકી (ઉ.વ.૪૦) (રહે. દીલ્લીવાળી ચાલી નરોડા ફ્રુટ માર્કેટ સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**નિકોલઃ** જીતુભાઇ ઉર્ફે બત્તી સ/ઓ મનહરભાઇ પચાંલ (ઉ.વ.૪૦) (રહે. ઓતબાનગર સોસાયટી ઓમકારેશ્વર મહાદેવના મંદીર પાસે ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી